

જન્મદિવસના અભિનંદન

19-6-66

Bonne Fête

To Dyuman

For those who have given themselves to the Divine each difficulty that confronts them is the assurance of a new progress and that must be taken as a gift from the Grace.

With my love and blessings

Bonne Fête

To Dyuman

For those who have given themselves to the Divine each difficulty that confronts them is the assurance of a new progress and that must be taken as a gift from the Grace.

With my Love and blessings

– The Mother

*

જન્મદિનના અભિનંદન,

પ્રતિ,

દ્યુમાન,

જેમણે પોતાની જાત પ્રભુને સોંપી દીધી છે તેમને માટે, તેઓ જેનો સામનો કરી રહ્યા છે તેવી દરેક મુશ્કેલી, એક નવી પ્રગતિની ખાત્રી છે અને તેને પ્રભુકૃપા તરફથી મળતી ભેંટ રૂપે જ સ્વીકારી લેવી જોઈએ.

મારા પ્રેમ અને આશીર્વાદ સાથે,

– શ્રી માતાજી

(તા. ૧૯ જૂન, પૂ. દ્યુમાનદાદાના જન્મદિને સાદર સ્મરણાંજલિ)

સાભાર: દ્યુમાનની દ્યુતિ - પૃ. ૮૫, લે. રણધીર ઉપાધ્યાય

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN 87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

Prosperity

શ્રી માતાજીની

સિદ્ધિ-રિદ્ધિ

**2025**

**JUNE**

૧ જૂન, ૨૦૨૫

## तमसो मा ज्योतिर्गमय।

### પ્રભુ ! પરમ તેજે તું લઈ જા.

असतो मा सद्‌गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्योर्माऽमृतं गमय ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ।

( बृहदारण्यक उपनिषद )

तथास्तु

Sri Aurobindo

From the non-being to true being,
from the darkness to the Light,
from death to Immortality.
OM Peace! Peace! Peace!

(Upanishad)

*So be it.*

Sri Aurobindo

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા,
મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા, ...

– ન્હાનાલાલ

## Nothing is Impossible.

***"What I cannot do now is the sign of what I shall do hereafter. The sense of impossibility is the beginning of all possibilities. Because this temporal universe was a paradox and an impossibility, therefore the Eternal created it out of His being."***

*Thoughts and Glimpses, Cent. Vol. 16, p.378*

**The Mother:** Do you know why this seems paradoxical to you? It is simply because Sri Aurobindo has not put in the guide marks of the thought, hasn't led you step by step from one thought to another. It is nothing else. It is almost elementary in its simplicity.

And I am simply going to ask you a question – but in fact I expect no answer – to tell you something very simple: When does something seem impossible to you? – It is when you try to do it. If you had never tried to do it, it would never have seemed impossible to you.

And how is it that you tried to do it? – Because it was somewhere in your consciousness. If it had not been in your consciousness, you would not have tried to do it; and the moment it is in your consciousness, it is quite obvious that it is something you will realise. That alone which is not in your consciousness you cannot realise. It's as simple as that!

Only, instead of telling you the thing in this way, Sri Aurobindo puts it in a way that stimulates your thought. That is the virtue of paradoxes, they compel you to think.

Then, Sweet Mother, what does "impossible" mean?

There is nothing impossible in the world except what is outside your consciousness. And as your consciousness can grow, as what is not in you consciousness today may be in your consciousness after some time, for the consciousness can become wider, so in the eternity of time nothing is impossible.

---

The Mother's Talks on THOUGHTS AND GLIMPSES, 1989 P.26

## અશક્ય કાંઈ જ નથી.

"અત્યારે હું જે નથી કરી શકતો તે બતાવે છે કે હવે પછી હું તે કરીશ. અશક્યતાનું ભાન થવું એ સર્વ શક્યતાઓનો પ્રારંભ છે. કારણ કે આ અસ્થાયી બ્રહ્માંડ એક કોયડો અને એક અશક્યતારૂપ હતું, માટે પરમાત્માએ તેને પોતાના સત્ તત્ત્વમાંથી સર્જ્યું. "

– શ્રી અરવિન્દ

'વિચારો અને ઝાંખીઓ' SABCL - 16/378

**શ્રીમાતાજી:** તમે જાણો છો શા માટે આ વિધાન તમને વિરોધાભાસી લાગે છે? સરળ છે, કારણ કે શ્રી અરવિન્દે તેમાં માર્ગદર્શક સૂચનો મૂક્યાં નથી, જે ક્રમે ક્રમે તમને એક વિચારથી બીજા વિચાર તરફ દોરી જાય. તે બીજું કાંઈ જ નથી, પણ માત્ર તદ્દન સાદી રીતે તેને મુકવામાં આવ્યું છે.

અને હવે હું માત્ર એક પ્રશ્ન પૂછીશ – પણ તમારી પાસેથી તેનો ઉત્તર હું માગતી નથી - કોઈ તદ્દન સાદી વાત કહેતાં પૂછવાની કે: તમને કોઈ વસ્તુ અશક્ય ક્યારે જણાય છે? – ત્યારે કે જયારે તમે તે કરવાનો પ્રયત્ન કરો છો. જો તમે તેને ક્યારેય કરવાનો પ્રયત્ન ન કર્યો હોત તો તે તમને અશક્ય ન લાગત.

અને તમે તેને કરવાનો પ્રયત્ન કર્યો તે કેમ બન્યું? – કારણકે તે તમારી ચેતનામાં ક્યાંક હતું. જો તે તમારી ચેતનામાં જ ન હોત તો તે કરવાનો તમે પ્રયત્ન ન કર્યો હોત; અને જે ક્ષણે તે તમારી ચેતનામાં નિહિત હોય ત્યારે, દેખીતું છે કે તમે તેનો સાક્ષાત્કાર કરશો. માત્ર તે જ જે તમારી ચેતનામાં નથી તેનો તમે સાક્ષાત્કાર કરી શકતા નથી. આ વાત ઘણી સાદી છે!

**પ્રશ્ન:-** તો પછી, મધુર માતાજી! 'અશક્ય' નો શો અર્થ છે?

**શ્રીમાતાજી:-** વિશ્વમાં અશક્ય જેવું કાંઈ નથી, સિવાય કે જે તમારી ચેતનાની બહાર હોય. અને જેમ તમારી ચેતનાનો વિકાસ થઈ શકે છે તે જ પ્રમાણે જે વસ્તુ આજે તમારી ચેતનામાં નથી તે, શક્ય છે કે, ભવિષ્યમાં ક્યારેક તમારી ચેતનામાં અસ્તિત્વ ધરાવે. કારણ કે ચેતના વિશાળતર બની શક્તી હોય છે. તે જ રીતે કાળની શાશ્વતીમાં કોઈ જ વસ્તુ અશક્ય નથી.

---

વિચારો અને ઝાંખીઓ - શ્રીમાતાજીના વાર્તાલાપો.